ગાંધીનગર સમાચાર

# ધણપ પ્રાથમિક શાળા દ્વારા વીવી પેટ મશીનનું નિદર્શન




હોળીના પવિત્ર દિવસે દશેલા પગાર કેન્દ્ર અંતર્ગતની ધણપ પ્રાથમિક શાળા દ્વારા ગિયોડ પાટિયા પાસે સ્થિત અંબાજી મંદિર ખાતે વીવી પેટ મશીન નિદર્શન સાથે લાકજાગૃતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા વિકાસ અધિકારી તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી માર્ગદર્શન-પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## કિશોર ક્લાસિસ દ્વારા આજે ગાંધીનગર ટાઉનહૉલમાં

# ‘ધોરણ-૧૦ પછી શું ?’ વિષયે માર્ગદર્શન સેમિનાર

### રસ ધરાવતા સૌ વાલીઓ, વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કાર્યક્રમ : બપોરે ૩થી ૬ દરમિયાન સેમિનાર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ટાઉનહૉલમાં શનિવારે ‘ધોરણ-૧૦ પછી શું ?’ એ વિષયે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં નિવૃત્ત સહાયક માહિતી નિયામક એલ આર રાજપૂત દ્વારા જણાવવામાં આવ્યું છે કે કિશોર ક્લાસીસ, ગાંધીનગર દ્વારા આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૩મી માર્ચ ને શનિવારના રોજ બપોરે ૩થી ૬ કલાક દરમિયાન આ સેમિનાર ગાંધીનગર ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે યોજવામાં આવ્યો છે અને તે સૌ માટે ખુલ્લો રાખવામાં આવ્યો છે. આ સેમિનાર માટે કોઈપણ પ્રકારની ફી કોઈપણ વિદ્યાર્થી, વાલીએ ચૂકવવાની નથી. રાજ્યભરમાં વસતા અને ધોરણ-૧૦ પછીના કેરિયર ગાઈડન્સમાં રસ ધરાવતા સૌ વાલીઓ, વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓને સેમિનારનો લાભ લેવા માટે આયોજકો તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમમાં વધુ લોકો આવવાની શક્યતા જોતાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે એમ વધુમાં સંચાલકોએ જણાવ્યું છે.

# ‘તરૂણાવસ્થામાં કુપોષણ અને એનિમિયા’ વિષયે વિદ્યાર્થીઓને માર્ગદર્શન ઉપરાંત લોકજાગૃતિ અર્થે રેલીનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૨૨

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા નિમિષાબેન શાહ સંચાલિત તરૂણાવસ્થામાં કુપોષણ અને એનિમિયા વિષે ધોરણ-૯થી ૧૧ના વિદ્યાર્થીઓને વિગતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કયો ખોરાક તંદુરસ્તી માટે યોગ્ય છે અને કયો ખોરાક હાનિકારક છે તે વિશે વિદ્યાર્થીઓને મહત્ત્વની માહિતી પૂરી પાડવામાં આવી હતી. કેલ્શિયમ, ચરબી, મેગ્નેશિયમ, પ્રોટીમ, વિટામીન, મિનરલ્સ વગેરે શેમાંથી મેળવી શકાય તથા શરીરને પૂરતું પોષણ કેવી રીતે આપી શકાય, તે માટે ઉત્તમ ખોરાક કયો છે તે અંગે પણ વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

એનિમિયા વિષે ચર્ચા બાદ લોકજાગૃતિ અર્થે એક રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય રમીલાબેન ચૌધરી તથા વર્ષાબેન પટેલે આયોજક, સંચાલક તથા માહિતી આપનાર સૌ વ્યક્તિઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## ડાયરેક્ટ સે

અનુભવથી
એ શિખાયું છે કે
મૌન જ શ્રેષ્ઠ છે.
શબ્દોથી તો
લોકો રૂઠ્યા જ છે.

## જન્મદિને વધામણી



સી કે મેસરિયા
મો. ૯૯૨૪૧ ૨૨૪૮૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સારંગપુરમાં ઉજવાયો ભવ્ય ફૂલદોલ ઉત્સવ

ગાંધીનગર, તા. ૨૨

ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંતની ચરણરજથી પાવન થયેલ સારંગપુર ગામમાં છેલ્લા ૨૦૦ વર્ષથી ફૂલદોલ ઉત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ વિશ્વવંદનીય પ.પૂ.મહંતસ્વામી મહારાજ દ્વારા આ ઉત્સવ ભવ્યતાપૂર્વક ઉજવવામાં આવ્યો. જેમાં દેશપરદેશથી ૫૦ હજારથી વધુ ભક્તો અને ૭૦૦થી વધુ સંતો લાભ લેવા પધાર્યા હતા.

વિશ્વવિખ્યાત બનેલ સારંગપુરના પુષ્પદોલોત્સવની ગઈકાલે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વહેલી સવારથી જ સમગ્ર સારંગપુર ગામ હિલોળે ચઢ્યું હતું. હરિભક્તોના વિશાળ પ્રવાહથી ગામની ગલીઓ ઉભરાતી હતી. મંદિર પરિસરમાં ચારે તરફ માનવ મહેરામણ નજરે ચઢતું હતું. જેમાં પરદેશથી આવનારા હરિભક્તોની સંખ્યા પણ ખૂબ મોટી હતી. અમેરિકા, ઈંગ્લેંડ, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, વગેરે અનેક દેશોના હરિભક્તો પણ ઉત્સાહપૂર્વક પધાર્યા હતા. ઘણા હરિભક્તો વિશેષ ભક્તિ અર્પણ કરવા પદયાત્રા અને સાયકલયાત્રા કરીને પણ આવ્યા હતા. આટલી મોટી સંખ્યામાં આવનારા હરિભક્તોની સુચારુ વ્યવસ્થા માટે ૩૦ સેવા વિભાગોમાં ૧૦ હજાર સ્વયંસેવકો ખડે પગે હાજર હતા.

સૌ ભક્તો સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી BAPS વિદ્યામંદિરની બાજુમાં આવેલ વિશાળ પ્રાંગણમાં પ્રવેશતા હતાં.



ત્યાં ૧૦ લાખ ચોરસફૂટ ભૂમિને સ્વચ્છ અને સમથળ કરી સભામંડપ રચવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦૮૪૦૮૪૦ ફૂટનો ભવ્ય કલાત્મક મંચ દર્શનીય હતો. આ મંચ પણ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવને અનુરૂપ ખૂબ સુંદર રીતે સજાવવામાં આવ્યો હતો.

સૂર્યાસ્ત પામતા સૂરજની સાથે સાંજે પોણા પાંચ વાગ્યે ફૂલદોલ ઉત્સવની સભાની શરૂઆત થઈ ત્યારે સભા સ્થળ ભક્તો-ભાવિકોથી ઉભરાતું હતું. ભગવાન સ્વામિનારાયણની પરાવાણીનો ગ્રંથ વચનામૃત, તેને આ વર્ષે ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ સંસ્થા દ્વારા વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ સમગ્ર વર્ષ દરમિયાન ઉજવાવાનો છે. તે જ નિમિત્તે આ સભાનો વિષય પણ “વચનામૃતના રંગો” હતો. આ જ વચનામૃત ગ્રંથના કેટલાક દિવ્ય જીવન સંદેશોને લક્ષ્યમાં રાખીને પૂ.નારાયણમુનિ સ્વામી, પૂ.ઘનશ્યામચરણ સ્વામી, પૂ.આનંદસ્વરૂપ સ્વામી, પૂ.વિવેકસાગર સ્વામી, પૂ.ઈશ્વરચરણ સ્વામી અને પૂ.ડૉક્ટર સ્વામીએ પ્રેરક પ્રવચનો કર્યા હતા. જેમાં વચ્ચે-વચ્ચે મ્છૅજી વિદ્યામંદિર અને બોટાદના બાળકોએ સુંદર ભક્તિનૃત્ય રજૂ કર્યા હતા.







જગતમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુના થયેલ પાવન અવતરણની યાદગીરીરૂપે તા. ૨૧ માર્ચ, ૨૦૧૯ ના રોજ હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે ગૌર પૂર્ણિમાની ઉજવણી થઈ હતી. આ વર્ષે તેમની ૫૩૩મી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. ભક્ત સમુદાય દ્વારા શ્રી ચૈતન્ય મહાપ્રભુ જેમણે જગતભરમાં ભગવાન શ્રીકૃષ્ણના પવિત્ર નામનું રટણ કરવાના ઉદેશનો પ્રસરાવ કર્યો એ ઉદેશનું નિરૂપણ કરતા હરિનામ સંકિર્તનનું રટણ દિવસ આખા દરમ્યાન કરવામાં આવ્યું. શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ (ભગવાન શ્રીચૈતન્ય અને શ્રી નિત્યાનંદા)ને સુંદર પૂષ્પોથી સુશોભિત પાલકીમાં મંદિરના અધિકારશ્રેત્રમાં વિહાર કરાવવામાં આવ્યો. ચૌતરફનું વાતાવરણ હરેકૃષ્ણ મંત્રના નાદથી અને ઢોલનગારાના અવાજથી ગૂંજી ઉઠ્યું હતું. પાલકી ઉત્સવ બાદ ભગવાનશ્રી નો ભવ્ય અભિષેક કરવામાં આવ્યો જેમાં તેમને વિવિધ તત્વો જેવા કે દૂધ, દહીં, ઘી, મધ, ગોળનું પાણી, ફળોના રસ, અને ૭ પવિત્ર નદીઓમાંથી એકત્ર કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા અભિષેક કરવામાં આવ્યો. અભિષેક દરમ્યાન ગૌરઆરતી ભજન ગાઈને ખાસ આરતી ઉતારવામાં આવી. પછી ભગવાનશ્રીને ૧૦૮ પ્રકારના વિવિધ પ્રકારના વ્યંજનો-મિષ્ટાનનો ભોગ ધરાવવામાં આવ્યો. હરેકૃષ્ણ મંદિરના ભક્તો દ્વારા ભગવાન “શ્રી ચૈતન્ય મહાપ્રભુની લીલા” વિષયવસ્તુ પર ખાસ નાટક ભજવવામાં આવ્યું હતું. ઉત્સવના અંતમાં અતિભવ્ય મહામંગલા આરતી પણ કરવામાં આવી હતી. અમદાવાદ શહેરના મેયર બિજલબેન પટેલે કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહી કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

# શ્રેષ્ઠ પ્રત્યાયનકાર

॥ ત્રીજો મણકો ॥

લોકોને છાપામાં છપાયેલી વાતો બ્રહ્મ વાકય જેવી સાચી લાગે છે. આ હકીકતમાં છાપાંના તંત્રીઓની અને પત્રકારોની મોટી જવાબદારી પેદા થાય છે.

૧૯૨૭માં ગાંધીએ સમજાવ્યું હતું કે, “હું માનવતાની સેવા દ્વારા ભગવાનને જોવાનો પ્રયાસ કરી રહ્યો છું,કેમ કે હું જાણું છું કે ઈશ્વર સ્વર્ગમાં નથી, પણ કણ કણમાં છે.” ગાંધીજીનું જીવન એકાંગી નહોતું. ગાંધીજીનું સમગ્ર જીવન, વિચાર, આચાર અને જીવન જીવવાની રીતભાતમાં સુગ્રથિતા હતી. તેમનું જીવન જેટલું સત્યમય, ઊંચું, ભવ્ય, દિવ્ય અને પવિત્ર હતું તેટલું જ એમનું પત્રકારત્વ મહાન હતું.

**પત્રકારત્વનાં નૈતિક મૂલ્યો**

ગાંધીજીએ પોતાના ચાર પત્રો દ્વારા પત્રકાર જગતમાં એક આગવી મૌલિક રીતે તદ્દન નવિન ભાત પાડી છે. પત્રકાર આલમમાં તેમનો પ્રવેશ અને પ્રયોગ દ્વાર એક નવું પ્રસ્થાન થયું છે. એકલે હાથે તેમણે પત્રકારત્વના ક્ષેત્રના પડકારો ઝીલ્યા અને એક આદર્શ, સત્યનિષ્ઠ અને મૂલ્યોનું જતન કરનારા પત્રકાર તરીકે તેઓ સોળે કળાએ ખીલી ઊઠ્યા. જાહેરાત વિના સફળતાપૂર્વક પત્રોનું સક્ષમ સંચાલન કર્યું. તેમણે પત્રો દ્વારા નીડરતા અને સચ્ચાઈનો માર્ગ ચીંધ્યો. પત્રકાર તરીકે જનતાની સાચી સેવા કઈ રીતે થઈ શકે તે બતાવ્યું છે. ગાંધીજી કહે છે કે, “અખબારને રાષ્ટ્રનું ચોથું અંગ લેખાવે છે. છાપાં બેશક એક સમર્થ શક્તિ છે. તેનો દુર ઉપયોગ કરવો ગુનો છે. હું જાતે પત્રકાર છું અને તેથી મારા પત્રકારબંધુઓને પોતાની ફરજ ઓળખીને ચાલવાની, કેવળ સાચી માહિતી આપી સત્ય પ્રગટ કરવાની અને તેનું સમર્થન કરવું જોઈએ”.

ગાંધીજીનું પત્રકારત્વ અત્યંત વિશાળ અને વ્યાપક હતું. તે એક રચનાશીલ વિદ્યા સમું હતું. તેમાં અનેકવિધ વિષયોને સમ્યક રીતે આવરી લેવામાં આવતા. ગાંધીજીની ભાષા સચોટ, સરળ, વેધક અને તદ્દન લોકભોગ્ય હતી. તેનો ઉદગમ તેમનું હૃદય હતું. તેથી તો તેમની વાણી સત્વશીલ અને અમોઘ હતી. વાચકોના હૃદયમાં સીધી ઉતરી જતી.વાચકોને ગાંધીજીની અમૃતવાણીના વાચન-ચિંતન-મનન વિના ચેન પડતું નહીં. ગાંધીજી સદૈવ વાચકોની લાગણી, માગણી અને અપેક્ષાઓનો સમાદાર કરતા હતા. પત્રોમાં વાચકોની સામેલગીરી અને સહભાગીદારી અવશ્ય સ્વીકારતા હતા.

શ્રી ક.મા. મુનશી ગાંધીજીના પત્રકારત્વ વિષે આ પ્રમાણે સન્માને છે : “જયારથી ગાંધીજી ‘નવજીવન’ના સંપાદક બન્યા ત્યારથી જેલવાસ દરમિયાનના દિવસો બાદ કરતાં દર અઠવાડિયે ગાંધીજીએ પોતાના વિચારો, સિદ્ધાંતો, આદર્શો ગુજરાતીમાં આપ્યા. દુનિયાના કોઈપણ પત્ર કરતાં આની લોકપ્રિયતા અનેક ગણી હતી. ઘણાને માટે તો એ નવલકથા અને પુરાણને સ્થાને હતું. આ અઠિવાડિકની એક નકલ દૂરના ગ્રામવિસ્તારના એક ઝૂંપડામાં ગ્રામવાસી માટે જીવનમંત્ર બની આવતી.”

ઈંગ્લેન્ડમાં એક નામાંકિત દૈનિક અખબાર ‘માન્ચેસ્ટર ગાર્ડીયન’ના તંત્રી સી.પી. સ્કૉટે લોકશિક્ષણ અને રાષ્ટ્રવિધાયક તંત્રીનું વર્ણન કરતાં જણાવેલું અને ગાંધીજીએ પોતાના સામયિક ‘હરિજન બંધુ’માં તા. ૨૦-૧૨-૧૯૩૬ના રોજ પ્રકાશિત કરેલું હતું તે તંત્રી-પત્રકારો માટે આજે પણ એટલું જ ઉપયોગી છે... “લોકમત ઉપર અસર પાડવાનું અને તેને દોરવાનું કામ મહાભારત છે, અને કોઈપણ એક વ્યક્તિ કે એક વર્તમાનપત્રને માટે આ કામને પૂરેપૂરું પહોંચી વળવું મુશ્કેલ છે. એ કામને માટે ઉત્તમોત્તમ કુળશતા જોઈએ, ઉત્તમોત્તમ શિક્ષણના સંસ્કાર જોઈએ, કુશાગ્ર બુદ્ધિશક્તિ જોઈએ, પણ એ બધાને સામર્થ્ય આપનાર, પ્રાણ આપનાર ધર્મભીરુતા જોઈએ, સત્યનિષ્ઠા જોઈએ — હૃદયની જ નહીં, પણ બુદ્ધિની સત્યનિષ્ઠા જોઈએ.”

સી.પી.સ્કૉટનો ૧૫-૧૧-૧૯૩૬ના ‘હરિજન બંધુ’માં પ્રગટ થયેલ લેખ ગાંધીજીના પત્રકારત્વને લક્ષ્યમાં લઈને લખાયો છે એવું સ્પષ્ટ દેખાય છે. “વર્તમાનપત્ર ચલાવવું એટલે સૌથી પ્રથમ આટલા ગુણો તો જોઈએ- પ્રામાણિકતા, સ્વચ્છતા, નીડરતા, ન્યાયબુદ્ધિ, વાચક અને જનતા પ્રત્યેના કર્તવ્યનું ભાન. વર્તમાનપત્ર એ ન છૂટકે એક પ્રકારનો ઈજારો છે. એટલે એનું પ્રથમ કર્તવ્ય ઈજારાને અંગે રહેલી લાલચોને ત્યાગ કરવાનું છે. સમાચાર ભેગા કરવા એ એની પ્રથમ સેવા છે. (ક્રમશઃ)

**- મિતેષ મોદી સંશોધિત લેખ ‘મહાત્મા ગાંધી એક શ્રેષ્ઠ પત્રકાર અને સમૂહ પ્રત્યાયનકાર’માંથી સાભાર**

# આઈપીએસ ઑફિસર બનવા શું કરવું જોઈએ ?




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહી પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. મારે ભવિષ્યમાં ઉચ્ચ પોલિસ અધિકારી બનવું છે. આઇ.પી.એસ. બનવા માટે શું કરવું જોઇએ?**

**- જીનેશ ઓઝા, કલોલ**



જીનેશ, સૌપ્રથમ આપને આઈ.પી,એસ એટલે કે ઈન્ડીયન પોલિસ સર્વિસ વિશે જણાવીએ તો આ ભારતભરની પ્રતિષ્ઠિત પોસ્ટમાંની એક છે. પોલિસ ડિપાર્ટમેન્ટમાં સિનિયર પોઝિશન એટ્લેકે ડી.જી.પી., આઈ.જી., ડી.આઈ.જી વિગેરેની પોસ્ટ પર આઈ.પી.એસ અધિકારી હોય છે.આ પોસ્ટ માટે યુ.પી.એસ.સી ધ્વારા લેવામાં આવતી સિવિલ સર્વિસિઝની પરીક્ષા પાસ કરવાની હોય છે. ત્યાર બાદ આપને પ્રાપ્ત રેંક મૂજબ આપને પોસ્ટ આપવામાં આવે છે. આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવામા આવે છે. સૌપ્રથમ આપને લેખિત પાસ કરવાની હોય છે જેમાં મુખ્યત્વે જનરલ નોલેજ અને અપ્ટિટ્યુડ ના પ્રશ્નો પૂછ્વામાં આવે છે. પ્રથમ તબક્કાને ‘પ્રિલિમ્સ’ તરીકે ઓળખવામાં આવે છે. બીજા તબક્કાને ‘મેઈન્સ’ કહેવામાં આવે છે. તેમાં ઉતીર્ણ થયા બાદ આપે ઈન્ટરવ્યૂ આપવાનો હોય છે. એ ત્રીજો તબબકો કહેવાય છે. ત્યારબાદ આપે ફિઝિકલ એટ્લેકે શારીરીક ક્ષમતાની કસોટી પાસ કરવાની હોય છે. તેમાં આપની ઊંચાઇ, વજન વગેરે નું મૂલ્યાંકન થાય છે. આપને ઘણા લોકો એવું કહેશે કે આ પરીક્ષા ખૂબ અઘરી હોય છે, પણ જો આપ ચોક્કસ પ્લાનીંગ પ્રમાણે જો યોગ્ય મેહનત કરશો તો આપ અચૂક સફળતા પ્રાપ્ત કરશો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઇલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૨. હું ૧૨ સાયન્સ માં અભ્યાસ કરૂ છું.ગ્રુપ-એ બાદ કયા આગળ સારો વિકલ્પ કયો હોઇ શકે?**

**- કિશન પટેલ ,વિજાપુર**

ગ્રુપ-એ પછી ઘણા બધા વિકલ્પ હોય છે જે આપ ને એક સફળ કારકિર્દી બનાવવામાં ઉપયોગી થઇ શકે છે. પણ સૌથી મહત્વની બાબત એ છે કે આપ કયા વિષય અથવા ક્ષેત્રમાં રુચિ ધરાવો છો! આપે એજ વિષય અને ક્ષેત્ર પસંદ કરવું કે જેમા આપ કોઇ બર્ડન એટ્લેકે ભાર વગર એટ્લે કે ચિંતામુક્ત અભ્યાસ કરી શકો. હવે વિકલ્પ ની વાત કરીએ તો, ૧૨ સાયન્સ (ગ્રુપ એ) પછી આપ બી.ઇ , બી.ટેક. એટ્લે કે એંન્જિનીયરિંગ ક્ષેત્ર માં જઇ શકો છો, જેમાં આપ કોમ્પ્યુટર , સિવિલ, ઈલેક્ટ્રીકલ વગેરે જેવા મુખ્ય વિષય પસંદ કરી આગળ વધી શકો છો. એ સિવાય ઘણા વિદ્યાર્થીઓ બી.એસ.સી. ની પસંદગી કરતા હોય છે જેમાં આપ કેમેસ્ટ્રી , ફિઝિક્સ, મેથ્સ, બાયોલોજી જેવા વિષય પસંદ કરી શકો છો. તદ્દ્પરાંત અન્ય એક વિક્લ્પ છે



જેના વિશે મોટાભાગના વિદ્યાર્થી અજાણ હોય છે અને તે છે બી.ફાર્મ. આપ એ-ગ્રુપ પછી પણ ફાર્મસી પસંદ કરી શકો છો. અન્ય એક વિક્લ્પની વાત કરીએ તો એ છે બી.સી.એ. એટલે કે બેચલર ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન , એ કર્યા પછી આપ માસ્ટર એટ્લે કે એમ.સી.એ પણ કરી આઈ.ટી ક્ષેત્ર માં જઈ શકો છો. એક અન્ય વિક્લ્પ ની વાત કરીએ જેના વિશે ઘણા વિદ્યાર્થીઓ ને માહિતી નથી હોતી,એ છે લૉ એટ્લેકે સી.એલ.એ.ટી.ની પરીક્ષા આપી એન.એલ.યુ જેવી પ્રતિષ્ઠિત કોલેજમાં એડ્મીશન મેળવી એક જ્વલંત કારકિર્દી બનાવી શકો છો. ત્યાર બાદ એક અલગ વિકલ્પ આઈ.એચ.એમ એટલે કે ઈન્સ્ટિટ્યુટ ઑફ હોસ્પિટાલિટી મેનેજમેન્ટમાં પ્રવેશ માટે આપે એન.સી.એચ.એમ.સી.ટી.-જે.ઈ.ઈ.ની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. આઈ.એચ.એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થા માં એડ્મીશન આપ જણાવેલ પરીક્ષા દ્વારા લઈ શકો છો.આ અને અવા ઘણા વિકલ્પ પર તમે વિચાર કરી શકો છો.પણ સૌથી મહત્વની વાત જે તમને શરુઆતમાં કરી હતી કે આ બધા વિક્લ્પમાંથી આપ એજ વિક્લ્પ પસંદ કરશો જેમાં આપને રુચિ હોય.જેથી આપ સરળતાથી આપના મનપસંદ લક્ષ્યને પ્રાપ્ત કરી શકો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૩. હું અત્યારે હાલમાં ગ્રેજ્યુએશન કરી રહ્યો છું. અને જો વિદેશમાં ભણવું હોય તો કઈ પરીક્ષા આપવી પડશે? માર્ગદર્શન આપવા વિનંતી.**

**-જનક ગોહિલ, ગાંધીનગર**



જનક, તમે તમારી કારકિર્દીને જે દિશામાં લઈ જવા માંગતા હોવ ત્યાં લઈ જઈ શકો છો. તમે જણાવેલ બંને વિકલ્પ ખૂબ સરસ છે.

વિદેશમાં બહોળી તકો છે અને ભારતમાં તકોની કોઈ કમી નથી. વિદેશ જવા માટે સૌથી પેહલા તમારે કયા દેશમાં જવું છે તે નક્કી કરવું પડશે. તમે ૨-૩ દેશોને વિકલ્પ તરીકે પસંદ કરી શકો છો. તેના પછી કયો અભ્યાસ ક્રમ ત્યાં કરવો છે તે નક્કી કરો અને તદુપરાંત તેને લગતી પરીક્ષાઓ તમારે આપવી પડશે. સામાન્ય રીતે વિદેશમાં અભ્યાસ માટે આઈ.ઈ.એલ.ટી.એસ., ટી.ઑ.ઈ.એફ.એલ., એસ.એ.ટી.,જી.આર.ઈ., જી.એમ.એ.ટી.જેવી પરીક્ષાઓ આપવી પડતી હોય છે. હવે તમારા બીજા વિકલ્પની, એટ્લે કે સરકારી નોકરીની, વાત કરીએ તો તેમાં પણ તમારી પાસે ઘણા વિકલ્પ છે. સૌથી પેહલા એ નક્કી કરો કે રાષ્ટ્રીય કક્ષાની નોકરી જોઈએ છે કે રાજ્ય કક્ષાની. રાજ્ય સરકાર દ્વારા લેવાતી પરીક્ષા અલગ પ્રકારની હોય છે કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી પરીક્ષાઓ કરતાં. જે પણ સ્તર તમે નક્કી કરો, તમારે તેને લગતી સ્પર્ધાત્મક પરીક્ષા જરૂર આપવી પડશે. ચોક્કસ પ્લાનિંગ સાથે મેહનત કરશો તો સફળતા જરૂર મળશે. સામાન્ય જ્ઞાન એટ્લે કે જી.કે.ની નિયમિત તૈયારી કરવાનું ભૂલતા નહીં. ઓલ ધી બેસ્ટ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner